સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સાચવ્યો ભાણા જેમ સરકાર માસી થઇ ગઇ,
કરી ચાકરી ખૂબ સરકાર દાસી થઇ ગઇ,
ખાંસી થઇ ગઇ, સજાની માગણી કરી-કરીને -
ચૂંટણી સુધી ભૂલાય, એટલે ફાંસી થઇ ગઇ.
(કસાબ ને ફાંસી)

હાઈકુ

અંધેર છે જ
ચાર વર્ષે ચૂકાદો -
દેર પણ છે..

પૂરાયાં પશુ
કરશે નાસભાગ -
ટિકીટ વાડે..

ચિંતન

કેયૂરા ન વિભૂષયન્તિ પુરૂષં હારા ન ચંદ્રોજ્વલા ન સ્નાનંન વિલેપનં ન કુસુમં નાલંકૃતા મુર્ધજાઃ ।
વાણ્યેકા સમલં કરોતિ પુરૂષં યા સંસ્કૃતા ધાર્યતે, ક્ષીયન્તે ખલુ ભૂષણાનિ સતતં વાગ્ભૂષં ભૂષણભૂં ॥

'બાજુબંધ - સુવર્ણ આભૂષણો પુરૂષની શોભા વધારતા નથી કે ચંદ્ર જેવા સફેદ મોતીના હાર, સ્નાન કે ચંદનના લેપ, ફૂલ-હારના શણગારથી સજેલા કેશ, કે અન્ય ઉપચાર-સાધન પુરૂષની શોભામાં અભિવૃધ્ધિ કરતાં નથી પરંતુ જે પુરૂષ-વ્યક્તિ સંસ્કારી વાણીને ધારણ કરે છે તે જ વાણી તેના મુખ-સ્વભાવને અલંકારની જેમ સુશોભિત બનાવે છે. બીજા બધાં ભૌતિક આભૂષણો તો નાશવંત છે. પરંતુ વાણીનું આભૂષણ તો અક્ષય-અક્ષત- છે.'

માણસમાં ગમે તેટલા સદ્‌ગુણ હોય, સત્ત્વશીલ-ચારિત્ર્યશીલ-નિષ્ઠાવાન-લાગણીશીલ અને વાત્સલ્ય સભર હોય પણ જીભ-વાણી પર પોતાનો કાબૂ ન હોય - વિચાર્યા વિના મન અને મરજીમાં આવે તેમ, પરિણામ અને પ્રત્યાઘાતનો વિચાર કર્યા જો બોલવામાં આવે તો બધાં જ 'સદ્‌ગુણો' ધોવાઇ જાય છે.

ઇત્તર આભૂષણ વ્યક્તિત્વનો વધારો કરતાં નથી. આજના નેતાઓ તો પોતાની 'શોભા' વધારવા સલાહકાર-નિષ્ણાતો-ન્યૂટીપાર્ટીરો પોતાની આસપાસ રાખે છે. પણ કડવી-તીખી-કડછીની વાણીને કારણે એમના વ્યક્તિત્વમાં નિખાર આવતો નથી. નમ્ર-વિવેકી-વિનયી વાણી જ સાચું આભૂષણ છે.

સુવિચાર

- વાણી જ મનુષ્યનું એક એવું આભૂષણ છે જે અન્ય આભૂષણની જેમ વ્યક્તિત્વને શોભાવે છે - **ભર્તૃહરિ**
- બુધ્ધિશાળી મનુષ્ય બોલતાં પહેલાં વિચારે છે, મૂર્ખ બોલી ગયા પછી વિચારે છે શું બોલાઇ ગયું - **ભુલ્વર**
- શબ્દ વિના વિચાર કદી વિસ્તરી નથી શકતો - **શેકસપિયર**
- એક વખત બોલી જવાએલા શબ્દો કદી પાછા ખેંચી શકાતા નથી - **વિલ્સન**
- એક 'પ્રેમ' જ એવો ભાવ છે જે અભિવ્યક્તિ કરવા શબ્દ કે વાણીની જરૂર પડતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વધારે પડતું બોલે છે તે લોકો વિચારે છે ઓછું - **ડ્રાઇડન**
- નમ્રતા અને વિવેક સાચવી, મૃદુવાણી બોલવી વ્યવસ્થિત, ટૂંકમાં અને યોગ્ય સમયે જરૂર હોય તો જ બોલવું - **ફોર્ટ**

બોધ કથા

'કચ્છમાં ૨૦૦૧નો મોટો ધરતીકંપ આવ્યો ત્યારે ધાર્મિક અને સૈચ્છિક સંસ્થાઓ, વ્યક્તિગત સેવાભાવીઓ, દેશ-વિદેશથી મદદનો હાથ મળ્યો. આજે કચ્છ ઊભું તો થઇ ગયું. બે પાંદડે પણ થઇ ગ્યું! આફત-મુશ્કેલી ઘણીવાર માનવ સ્વભાવ બદલી નાખે. પ્રેમ-હૂફ-વાત્સલ્યમાં વધારો કરી નાખે!

એક જંગલ વિસ્તારમાં ખૂબ વરસાદ થયો. નદીમાં મોટી રેલ આવી જંગલમાં એક જ ઊંચી ટેકરી હતી. ગાય-ભેંસ, સિંહ-વરૂ-હાથી, હૂતરાં-બિલાડા, સાપ-નોળિયાં, ઘેટા-બકરાં દોડી-દોડી આ ટેકરી પર એકઠાં થયાં. ટેકરી બહુ મોટી નો'તી તેથી બધાંની ભીડ થઇ અને એકમેકમાં ભિંસાઇ-એકમેકની હૂંફમાં ઊભાં રહ્યાં.

બધાં જાણે એકમેકનાં સગા-સ્નેહી, મિત્રો-સંબંધી હોય એમ પોતાનો, નિજી હિંસક સ્વભાવ છોડી જાણે પ્રેમાળ પડોશી હોય એમ એક સંપ ઊભાં હતાં. એકમેકના મિત્ર બની રેલસંકટની તીવ્રતા બાબત વાતો કરતાં હતા.

ત્યાં પ્રધાનશ્રી રાહત સામગ્રી લઇ આવી પહોંચ્યાં. એમણે આ દૃશ્ય જોઇ શિયાળને પૂછ્યું, મને આ દૃશ્ય જોઇ ખૂબ નવાઇ લાગે છે દુશ્મન વિરોધી સ્વભાવવાળાં આમ સંપીને કેમ ઊભાં છો?

શિયાળ કહે - અમે માણસ નથી, રાહતમાંથી કટકી કે મૃતદેહના મલાજો રાખ્યા વિના દાગીના ચોરી લઇએ!

આફતમાં અમે 'એકજાત પશુ' છીએ. એકમેકને સાચવી લઇએ.

અભય એટલે એ જેને કોઇનો ડર નથી એટલું જ નહીં પણ અભય એટલે એ જેનો કોઇને ડર નથી

છેલ્લા કેટલાંક દિવસોમાં હાઇ - મેગ્નિટ્યૂડ ઘટનાઓ ભારતનાં ઘટના ફલક પર ઘટી ન્યૂઝ સ્ક્રીનો તથા અખબારની કોલમો ઉભરાઇ ગઇ. ચર્ચાઓનાં એક પ્રકારની તીવ્રતા અચાનક આવી ગઇ. આ ખબરો આ પ્રમાણએ છે - શિવસેના સુપ્રીમો બાલ ઠાકરેનું નિધન અને મુંબઇ હમલાનાં આરોપી આમિર અજમલ કસાબને ફાંસી. બંને ઘટના વચ્ચે કોઇ મૃત્યુ સિવાય કોઇ સામ્યતા નથી પરંતુ બંને ઘટનાનાં કેન્દ્રો સુધી પહોંચવા થોડો પ્રયત્ન થવો જોઇએ.

ગયા અઠવાડિયે મ્યાનમારના મુક્તિ સંઘર્ષની વિખ્યાત નેતા આંગ સાન સૂ કી ભારતની મુલાકાત પર હતા. તેમના પુસ્તકનું નામ છે - "ફ્રીડમ ફ્રોમ ફીયર" (ભયથી મુક્તિ) તેઓ લખે છે, "મારા માટે વાસ્તવિક મુક્તિ ભયથી મુક્તિ છે. ભયમુક્ત થયા વિના તમે ગરિમામય માનવીય જીવન જીવી શકો તેમ નથી."

રવીન્દ્રનાથ ટાગોરની પેલી પ્રખ્યાત કવિતાની પ્રારંભિક લીટીઓ યાદ છે? વેર ધ માઇન્ડ ઇઝ વિધાઉટ ફિયર એન્ડ હેડ ઇઝ હેલ્ડ હાઇ હાઇ... ઇન ટુ ધેટ હેવન ઓફ ફ્રીડમ માય ફાધર લેટ માય કન્ટ્રી અવેક...

જયાં મન ભયમુક્ત હોય, શિર જયાં ઉન્નત રહે..., આઝાદીનાં તે સ્વર્ગમાં, હે પિતા, આ દેશને તું જગાડ...

યસ, આ બંને ઘટનાઓનાં કેન્દ્રમાં હતો તે ભય. બાલ ઠાકરે જે રાજનીતિ કરતાં તે સડકની નહી પણ ભયની રાજનીતિ હતી. પોલિટીક્સ ઓફ ફીયર. સાંપ્રદાયિકતા અને પ્રાદેશિકતાને મહત્વ આપતા માણસ સાથે પોલિટીક્સ હિરોઇઝમ જોડી શકાય? સંવિધાનની મૂળભૂત ભાવનાઓને ખલેલ પહોંચાડનાર વ્યક્તિ લોકતાંત્રિક ઇતિહાસનો ભાગ કેવી રીતે હોઇ શકે? ડર પેદા કરવો, એ સર્વસ્વ જમાવવાની સૌથી સરળ પધ્ધતિ છે - સાંપ્રદાયિકતા અને પ્રાદેશિકતાનાં આધાર પર રાજનીતિ સૌથી સરળ છે - કેમ કે, તે લોકોની સદીઓ જૂની બુનિયાદી માનસિકતાનાં મૂળિયાને પોષણ આપે છે અને એટલે ખૂબ જલદી પ્રચાર પામે છે અને ક્યારેક લોકપ્રિય બને છે - સ્વાદિષ્ટ ભોજન હંમેશાં સ્વાસ્થ્યપ્રદ હોય તે જરૂરી નથી. ફેસબુક પર માત્ર એક કમેન્ટ કરી, તેને લાઇક કરનાર બે છોકરી પર શિવ સૈનિકોનો ગુસ્સો તૂટી પડ્યો. આલોચનાઓનો જવાબ તોડફોડ છે? પરીક્ષાઓમાં અઘરાં સવાલ પૂછાઇ જાય તો કેટલાંક વિધાર્થીઓ બહાર સવલા પૂછાઇ જાય તો કેટલાંક વિધાર્થીઓ બહાર આવીને પેપર ફાડી નાંખે છે - કેમ કે, જવાબ આવડતાં નથી. અભિવ્યક્તિની આઝાદી પર તરાપ મારતાં લોકો સૈનિકો કઇ રીતે હોઇ શકે? સૈનિક હોવાનું પ્રથમ લક્ષણ છે - અનુશાસન!! સદ્‌ગત બાલ ઠાકરે વ્યક્તિગત કે પારિવારિક જીવનમાં ઉમદા માણસ હોઇ શકે પણ તેમની રાજકીય વિચારધારા ફક્ત તોડાવાનું જ કામ કરી શકે છે - જોડવાનું નહીં. એક તૂટેલાં દેશને હજી કેટલો તોડવાનો? કેટલાંક સમર્થકો તેમને ફીયરલેસ - નિર્ભય કહેતા - પરંતુ નિર્ભય કે અભય એટલે શું?

ગાંધીજીનાં શબ્દોમાં એક ઉમદા જવાબ છે - અભય એટલે એ જેને કોઇનો ડર નથી એટલું જ નહીં પણ અભય એટલે એ જેને કોઇનો ડર નથી. માણસની અંદર છૂપાયેલી શક્તિનો આ સાચો વિસ્તાર છે...!!

બીજી ઘટના તે કસાબને ફાંસી. તેની ફાંસીથી આપણે બધાં આટલાં ખુશ કેમ થઇ ગયાં? કસાબ કોણ હતો તે ખબર છે? કસાબ આપણી અંદરનાં ડરનું એક બાહ્ય પ્રતીક હતો. આતંક ત્યારે જ સફળ થાય જયારે ડર પેદા થાય. આતંકનો મકસદ છે ડર - દહેશત. જરા શાંતિથી વિચાર કરો - જે દિવસે વિશ્વમાં તમામ નાગરિકો આતંકથી નિર્ભય બની જશે પછી આતંકવાદ ટકી શકશે ખરો? સ્વતંત્રતાનાં દરેક ચાહકે જો મુક્તિ મેળવવી હોય તો પહેલાં પોતાનાં ડરથી મુક્તિ મેળવવી પડશે. આપણે એકપક્ષીય યુધ્ધ કરી રહ્યા છીએ. માત્ર એક બહારની લડાઇ લડી રહ્યા છીએ. ફક્ત આતંકવાદનાં સિમ્પટ્મ્સ કે લક્ષણઓને દબાવી રહ્યા છીએ - જે તે રોગને ઇરાડિકેટ કે જળમૂળથી ફગાવી નથી રહ્યાં. ના - સંપૂર્ણ નાબૂદીનો મતલબ એ નથી કે આતંકવાદીઓનો વિનાશ, રોગ નાબૂદ કરવો એ વન સાઇડેડ અફેર છે - પણ શરીરની ઇમ્યુન સિસ્ટમ પ્રતિરક્ષા પ્રણાલી પણ સશક્ત કરવી એ સંપૂર્ણ ઇલાજ છે. પ્રતિરક્ષા એટલે અહીં સરહદો પર ડિફેન્સ ફોર્સિસ ખડકી દેવી કે ઇન્ટેલિજન્સ નેટવર્ક ફેલાવવું એટલું જ નહીં પરંતુ પ્રતિરક્ષા - એક નિર્ભયતા પેદા કરવી, એક સિવિલ ઇમ્યુનિટી જ આતંકવાદને નેસ્તનાબૂદ કરવામાં સહાયભૂત થઇ શકે છે - સત્યાગ્રહનાં એક્સ રે રિપોર્ટમાં પણ આ જ વિશેષતા છે :

જે દિવસે ભારતનો અને વિશ્વનો નાગરિક નિર્ભય થઇ જશે પછી જુઓ આતંકવાદની જીવનરેખા કેટલી ચાલે છે? પછી જુઓ તોડફોડ કરનારાં ટોળાઓનાં હાથ કેટલા ચાલે છે? વિશ્વાસ નથી આવતો!? તમને ગમે તો એક નાનકડું હોમવર્ક આપું? કરશો ને? આંખો બંધ કરીને વિચાર કરો કે તમારા મનમાં કેટલો ડર છે - આઇડેન્ટીફાય યોર ફીયર - વ્યક્તિનાં - વસ્તુનાં - લાગણીનાં - જે પણ જેટલાં પણ હોય. બસ બે ક્ષણ માટે વિચારો અને તમારાં એ બધાં જ ડર તોડી નાંખો - તમારાં જે સંબંધોમાં ડર જોડાયો છે, ત્યાંથી ડર તોડી નાંખો - બાદ કરી નાંખો અને ડર વિનાનાં તમારા ખુદનાં જીવનની એક નાનકડી કલ્પના તો કરી જુઓ. જીવનની આ તસવીર ગમી ને?

એકવાર ઊંચાઇનો ડર મટી જાય પછી પહાડ નાના લાગવા માંડે છે - એકવાર પાણીનો ડર જતો પછી સાગર છીછરા લાગે છે - બસ ડર તૂટવો જોઇએ - ઇતિ સિધ્ધમ્ ।

● ● ●

વો ડરાતે નહીં હૈ, તુમ ડરતે હો

● ● ●

ડર મત, બોલ ડાલ

- ch9723367947@yahoo.com

જો ડર ગયા સમજો, મર ગયા
ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર



(તથાગત બુધ્ધની અભય મુદ્રા)

ગુજરાતમાં કેટલા જિલ્લા દરિયાકિનારો ધરાવે છે?

વિષય : ગુજરાતની ભૂગોળ

(૧) ગુજરાતમાં કાગળ બનાવવાનું કારખાનું ક્યાં આવેલું છે?
(અ) બારેજડી (બ) બારડોલી (ક) કડી (ડ) વિસનગર
(૨) ગુજરાતમાં કેટલા જિલ્લા દરિયાકિનારો ધરાવે છે?
(અ) ૧૩ (બ) ૧૦ (ક) ૧૨ (ડ) ૧૧
(૩) લીલિયો ડુંગર ક્યાં જિલ્લામાં આવેલો છે?
(અ) જામનગર (બ) સુરેન્દ્રનગર (ક) કચ્છ (ડ) જૂનાગઢ
(૪) ગુજરાતમાં લીલી નાઘેરનો પ્રદેશ ક્યો કહેવાય છે?
(અ) સુરત જિલ્લો (બ) વેરાવળ અને ચોરવાડનો પ્રદેશ
(ક) ભરૂચ જિલ્લો (ડ) ભાવનગર જિલ્લો
(૫) દક્ષિણ ગુજરાતમાં મીઠાના અગરો ક્યાં છે?
(અ) ઉભરાટમાં (બ) ડુમસમાં
(ક) તીથલમાં (ડ) દાંડી અને ધરાસણામાં
(૬) ભારતમાં ગુજરાતી ભાષા બોલનારની સંખ્યા કેટલા ટકા છે?
(અ) ૬.૨ (બ) ૪.૮ (ક) ૫.૨ (ડ) ૫.૮
(૭) મત્સ્ય ઉદ્યોગની તાલીમ શાળા ગુજરાતમાં ક્યા શહેરમાં છે?
(અ) જૂનાગઢ (બ) વેરાવળ
(ક) પોરબંદર (ડ) ઓખા
(૮) ધમાલ નૃત્ય ક્યા લોકોનું છે?
(અ) મેર (બ) પઠાર (ક) ચોરવાડ, વેરાવળની ખારવડ બહેનો
(ડ) સીદી
(૯) ગુજરાતમાં ગોળ ક્યા ગામનો વખણાય છે?
(અ) નવસારી (બ) ગણદેવી
(ક) બારડોલી (ડ) સુરત
(૧૦) મકાઇનો સૌથી વધુ પાક ગુજરાતમાં ક્યા જિલ્લામાં થાય છે?
(અ) અમદાવાદ (બ) મહેસાણા
(ક) પંચમહાલ (ડ) સુરેન્દ્રનગર
(૧૧) તાંબા-પિત્તળનાં વાસણો બનાવવાનો ઉદ્યોગ ક્યાં વિકસ્યો છે?
(અ) વિજાપુર (બ) મહેસાણા
(ક) હિંમતનગર (ડ) વિસનગર
(૧૨) સૌરાષ્ટ્રમાં ખાંડનું કારખાનું ક્યાં આવેલું છે?
(અ) કોડીનાર (બ) ભાવનગર (ક) રાજકોટ (ડ) જૂનાગઢ
(૧૩) શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ક્યાં આવેલું છે?
(અ) અડાલજ (બ) તારંગા (ક) મહુડી (ડ) કોબા
(૧૪) વિસ્તારની દૃષ્ટિએ ભારતના રાજ્યોમાં ગુજરાતનું સ્થાન કેટલામું છે?
(અ) પાંચમું (બ) સાતમું (ક) છઠ્ઠું (ડ) આઠમું
(૧૫) શંખેશ્વરનું મૂળ નામ શું હતું?
(અ) શંખલપુર (બ) શંખપુર
(ક) શંખનાદપુર (ડ) ત્રણમાંથી એક પણ નહીં

● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ
નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ

● હરકુંવર શેઠાણી (સમાજ) : **અમદાવાદનાં મોટી સખાવતો કરનાર શેઠાણી**
● હરિનારાયણ આચાર્ય (પ્રકૃતિ વિજ્ઞાન) : **વિખ્યાત પ્રકૃતિવીદ**
● હરિન્દ્ર દવે (સાહિત્ય) : **કવિ અને પત્રકારત્વ**
● હસમુખ સાંકળીયા (પુરાતત્વ) : **જગપ્રસિધ્ધ પુરાતત્ત્વવિદ**
● હંસાબેન મહેતા (શિક્ષણ અને સમાજસેવા) : **મહારાજ સયાજીરાવ યુનિ.નાં પ્રથમ કુલપતિ**
● એચ.એમ. મહેતા : (રાજ્ય વહીવટ, શિક્ષણ) : **ભારતના પૂર્વ નાણાપ્રધાન**
● હેમચંદ્રાચાર્ય (ધર્મ અને સાહિત્ય) : **ગુજરાતના પ્રકાંડ પંડિત અને સર્જક**
● હેમુ ગઢવી (લોકગીત) : **લોકગીતના વિખ્યાત ગાયક**
● હોમી ભાભા (વિજ્ઞાન) : **પરમાણુ વિજ્ઞાનના પ્રથમ ભારતીય પ્રવર્તક**
● હોમી શેઠના (વિજ્ઞાન) : **પરમાણુ વિજ્ઞાન નિષ્ણાત**

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - બીજી વાર રાષ્ટ્ર પ્રમુખ વિજેતા બરાક ઓબામા કઇ પાર્ટીના નેતા છે?
જવાબ - ડેમોક્રેટીક પાર્ટી

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૩) ઋજિત રાવલ : સે-૭
(૪) પંકજ પ્રજાપતિ : ઉવારસદ
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૬) જયેન્દ્ર એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૭) જયરાજસિંહ હરેન્દ્રસિંહ જાદવ : સે-૩૦
(૮) ગોમતીબેન કનુભાઇ પરમાર - ૧૭૫૭/૨, સે-૨ડી

● પૂછું એક સવાલ...?

(૧) ધાર્મિક. એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - વિશ્વનો સૌથી મોટો ટાપુ ક્યો?
જવાબ - ઓસ્ટ્રેલિયા
(૨) એકતા બી. જોષી : સે-૮થી
પ્રશ્ન - મેગીનોટ લાઇન ક્યા બે દેશોની સરહદ છે?
જવાબ - ફ્રાન્સ - જર્મની
(૩) નિનાદ. પી. ઠક્કર : સે-૪થી
પ્રશ્ન - ફિલિપિન્સના ટાપુઓ કોણે શોધ્યા હતા?
જવાબ - ઇ.સ. ૧૫૨૨ માં - મેગેલને
(૪) પરમાર જીનલ : સે-૧૪થી
પ્રશ્ન - એડમંડ હિલેરી કોણ હતા?
જવાબ - ઇ. સ. ૧૯૫૩ માં પ્રથમવાર એવરેસ્ટ સર કરનાર
(૫) પંચાલ. મિતેષ. એલ : સે-૩થી
પ્રશ્ન - પ્રથમ મહિલા અકવાશચાત્રી કોણ હતા?
જવાબ - રશિયાનાં કુ. વેલેન્તીના જે. ૧૯૬૯માં અવકાશમાં ગયા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પર્યાવરણને લગતી સમસ્યા ઉપર થોડુંક ધ્યાન આપી, નાનકડી પણ શરૂઆત કરવામાં આવે તો એને મિશન બનવામાં વાર નથી લાગતી

પારિજાત

- રેખા ભટ્ટ

એવું રે તપી ધરતી એવું રે તપી
જેવું તપ રે તપ્યાં'તાં પારવતી સતી!

રોજેરોજ વધારેને વધારે તપતી જતી ધરતી આપણા સૌનો આખા વિશ્વનો પ્રશ્ન છે. આપણે એને રૂડું રૂડું રૂપાળું નામ આપ્યું છે. 'ગ્લોબલ વોર્મિંગ.' અને આ ગ્લોબલ વોર્મિંગ નવા નવા સ્વરૂપે દેખા દીધા કરે છે. સૌનું માથું ફેરવી નાખ્યું છે. એના વિશ્વવ્યાપી ઉત્પાતે.

અસાધારણ - અનિયમિત ગરમી, ઠંડી, વરસાદ, બરફવર્ષા, વાવાઝોડાં આપણે અનુભવીએ છીએ. ત્યારે પહેલો વિચાર એ આવે છે કે આપણે શું કર્યું આ સમસ્યાનો હલ લાવવા માટે?

ગ્લોબલ વોર્મિંગ વિષે લખવાનું કે બોલવાનું હોય તો આપણી પાસે ઢગલો માહિતી હાથવગી છે પણ ઊભા થઇને ટપકતો નળ બંધ કરવાની કે બિનજરૂરી લાઇટની સ્વીચ ઓફ કરવાની જેટલી તકલીફ લેવાની આપણી તૈયારી નથી.

એમાં શું થઇ ગયું? આપણી ઘરની લાઇટ ચાલુ રહી ગઇ કે બેચાર ડોલ પાણી આમ તેમ વેડફાયું તો? હા, આપણાં ગજવામાંથી રૂ. ૧૦/- નોટ ખોવાઇ જાય તો આપણે આઘા-પાછા થઇ જઇએ ખરાં! કેમ કે, એ તો આપણી પોતાની છે ને?

આપણી - પોતાની ચીજ વસ્તુની વ્યાખ્યા બહુ સિમિત છે. પૈસા તો થોડી - વધારે મહેનત કરીને મેળવી શકાય પણ કેટલાયે પ્રયત્નો પછી મળતાં વીજળી-પાણી સહેલાઇથી મેળવી શકાતાં નથી. સર્વ સામાન્ય નિયમ છે સહુનું તે કોઇનું નહીં!

થોડાક દિવસ પહેલાં સાબરમતી પાવર હાઉસ આગળ જાહેરાત વાંચવામાં આવી તેનો મતલબ કંઇક એવો હતો કે વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલીયે સાધન-સંપત્તિ અને સમયની જરૂર પડે છે. અને વીજળી બચાવવા માટે માત્ર એક સેકન્ડ લાગે છે. વાત એકદમ સાચી છે. પણ આપણે અમલમાં મુકીએ ત્યારે ખરૂં.

ઘણી ખરી વાતો માટે આપણને વિચાર આવે કે આપણા એકલાથી શું થાય? અથવા આપણા એકલાના પ્રયત્નથી કેટલો ફેર પડે? તેના સમર્થનમાં એક વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટના પ્રેમજીભાઇ પટેલની વાત જાણવા જેવી છે.

પ્રેમજીબાપા મુંબઇના સફળ વેપારી પોતાના પ્રદેશને તેની એક સમયની લીલી હરિયાળી પાછા આપવા મનમાં ગાંઠ વાળે છે, અને મુંબઇ છોડી વતન ઉપલેટામાં ધામા નાખે છે, અને પોતાના વાહન પર જ બિયારણ વેરવાનો પંખો નંખાવી ઠેર ઠેર વૃક્ષો ઉગાડે છે. જેના માટે તેને વર્ષ ૨૦૦૫માં રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં તેમણે આશરે ૧ કરોડ વૃક્ષો વાવ્યાં છે. ૧૭૦૦ જેટલા ચેકડેમ બાંધ્યા છે. હવે બાપા ૮૧થી ઉપરની ઉંમરે પહોંચ્યા હોવાથી કામ કરવાની ક્ષમતા ઘટી છે. પણ પોતાના મૃત્યુ પછી અગ્નિદાહ માટે લાકડું વપરાય તે તેમને મંજૂર નથી એટલે પોતાના વતન ઉપલેટાની જમીનમાં ખાડો કે કબર ખોદીને તૈયાર રાખી છે. અને દફનવિધિ પછી તે જમીન ખેતી માટે વપરાય તેવો તેમનો આગ્રહ છે. ત્યાં કોઇ સ્મારક ન કરવામાં આવે એવી તેમની સૂચના છે.

એક જ વ્યક્તિને કોઇ વિચાર આવે અને એ વિચાર ઝૂંબેશ બની જાય તેનું આ ઉદાહરણ છે દૃઢ સંકલ્પ કરીને કરવામાં આવતા સમાજ ઉપયોગી દરેક કામે કોઇ પ્રશ્નો નડતા નથી બલ્કે સાથ-સહકાર આપે તેવી વ્યક્તિઓ જોડાતી જાય છે તે આપણે સૌ જાણીએ છીએ.

ત્યારે પર્યાવરણને લગતી સમસ્યા ઉપર થોડુંક ધ્યાન આપી, નાનકડી પણ શરૂઆત કરવામાં આવે તો એને મિશન બનવામાં વાર નથી લાગતી બીજું કંઇ નહીં તો, આપણા જ ઘરમાં વેડફાતું પાણી બચાવી કે બીનજરૂરી લાઇટની સ્વીચ ઓફ કરીએ કે નજર સામે સુકાઇ જતા ઝાડને પાણી પાઇએ તો પણ ઘણું છે. 'રામસેતુ' બાંધવા માટે ખિસકોલીએ કરેલા કામને યાદ કરવા જેવું ખરૂં!

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૩મી નવેમ્બર

● વનસ્પતિ વિષયક ભૌતિકશાસ્ત્રના વિજ્ઞાની વાયરલેસની શોધ માર્કોની પહેલ કરનારા સર જગદીશચંદ્ર બોજની પુણ્યતિથિ ૩૦-૧૧-૧૮૫૮

● ૫ । ૮ । ૭ । ૬ । એલ્યુમિનિયમના લેયર દ્વારા એક્સ-રે કિરણોને શોધી શકાય છે. તેવું અને પરમાણું ક્રમાંકના સિધ્ધાંતોના શોધ કરનારા હેજરી ગ્વીન જેફ્રી જ મોસલની જન્મ જયંતિ.

● ડાયના હેડન (ભારતની) મિસવર્લ્ડ તરીકે પસંદગી ૧૯૯૭.

● ૧૮૫૮ - સાહિત્ય સેવાનો સંકલ્પ કરી વીર નર્મદે શિક્ષકની નોકરી છોડી.

● ૧૫૪૨ - હુમાયુને ત્યાં બાદશાહ અકબરનો જન્મ.

● ૧૯૨૩ - શાન્તાબેન આપ્ટે સાહિત્યકલા ધારિણીનો જન્મ.

● ૧૯૬૯ - પીઢ ઇતિહાસવિદ ગણેશ કૃષ્ણ ગોખલેનું અવસાન.